**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬૮/૨૦૨૬ (વિરપુર પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૨૧૩૦૦૧૨૬૦૦૩૦/૨૦૨૬) ના કામે મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

1. અરજદારની અરજીની ટુંક વિગત એવી છે કે, અરજદારના કાયદેસરના માલિકી કબજા ભોગવટાની મારૂતિ સુઝુકી ઈન્ડીયા લી. કંપનીની SWIFT VXI(O) CNG ફોરવ્હીલ કાર જેના રજી.નં. GJ03PA8029 જેનો ચેસિસ નં. MBHZCDESKRK213013 તથા એન્જીન નં. Z12EP1111037 નો છે તે વાહન વિરપુર પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૦૩૦/૨૦૨૬, પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ ના કામે કબજે કરેલ છે તે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા હાલની આ અરજી કરેલી છે.
2. આ કામે અરજદારની અરજી વંચાણે લીધી. અરજી અનુસંધાને રજુ થયેલ દસ્તાવેજી આધારો તથા પોલીસ અભિપ્રાય તેમજ પંચનામું ધ્યાને લીધુ. અરજદાર તરફે વિ.વ.શ્રી અને સરકાર તરફે સરકારી વકીલશ્રીને સાંભળ્યા.
3. તપાસ કરનાર અમલદારે તેઓનો અભિપ્રાય આપેલ છે જે આંક–૪ થી રજુ છે અને તે જોવામાં આવે તો કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહનનો ફરી વખત ગુન્હાહીત પ્રવૃતિમાં ઉપયોગ થાય તેવી પુરી શક્યતા હોય જેથી મુદ્દામાલ વાહન પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે.
4. હવે આ કામે અરજદાર તરફે રજુ કરવામાં આવેલ આંક–૩ ના લીસ્ટના કાગળો જોતા નિ.૩/૧ થી ૩/૩ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે તે વંચાણે લેતાં પ્રથમ દસ્તાવેજ અરજદારના આધારકાર્ડની ખરી નકલ છે તથા બીજો દસ્તાવેજ મુદ્દામાલ વાહનની આર.સી.બુકની ખરી નકલ છે તથા ત્રીજો દસ્તાવેજ એફ.આઈ.આર.ની ઝેરોક્ષ નકલ છે. જે લક્ષમાં લેતાં કબજે કરવામાં

આવેલ મારૂતિ સુઝુકી ઈન્ડીયા લી. કંપનીની SWIFT VXI(O) CNG ફોરવ્હીલ કાર જેના રજી.નં. GJ03PA8029 જેનો ચેસિસ નં. MBHZCDESKRK213013 તથા એન્જીન નં. Z12EP1111037 ના માલિક હાલના અરજદાર હોવાનું ફલિત થાય છે. જેથી, અરજદારને મુદ્દામાલ વાહન વચગાળાની પરત કસ્ટડી તરીકે સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારૂ નમ્ર પણે માનવુ છે.

5. બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૭ (ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૫૧) અન્વયે જ્યારે અરજદારે અરજી કરેલ છે ત્યારે તેનો નિર્ણય કરતી વખતે પ્રાયમાફેસી અરજદારની મુદ્દામાલ ઉપરની માલિકી જોવાની રહે છે અથવા તો તેનો કાયદેસરનો કબજો જોવાનો રહે છે. પરંતુ, નામદાર સુપ્રિમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત જી.એલ.આર. ૨૦૦૩(૨) પાના નં. ૧૩૩૭ ના ચુકાદાને લક્ષમાં લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટે **પરેશકુમાર જયકરભાઈ બ્રહ્મભટ્ટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૮ જી.એલ.આર. પાના નં. ૫૫૮** ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, Where quantity of liquor exceeds 10 litres, Magistrate has no jurisdiction to release vehicle at interim stage under secs.451 & 457 of Cr.P.C. નામદાર ગુજરાત હાઈકોર્ટના **પરેશકુમાર જયકરભાઈ બ્રહ્મભટ્ટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૮ જી.એલ.આર. પાના નં. ૫૫૮** નો ચુકાદો આવ્યા બાદ ગુજરાત રાજ્યમાં રાજ્ય સરકારે નોટીફીકેશન નં. GG/103/2019/VDR/ 10/2009/2061/E-1 dated 6th November 2019 દ્વારા (૧) આ નિયમો ગુજરાત નશાબંધી (દારૂના નમુના અને જપ્ત કરેલા દારૂનો જથ્થો નક્કી કરવા બાબતના) (સુધારા) નિયમો, ૨૦૧૯ કહેવાશે. (૨) ગુજરાત નશાબંધી (દારૂના નમુના અને જપ્ત કરેલા દારૂનો જથ્થો નક્કી કરવા

બાબતના) નિયમો, ૨૦૧૨ માં, નિયમ-૯ માં, **“દશ લીટર" એ શબ્દોને બદલે, “વીસ લીટર" એ શબ્દો મુકવા.** તેવું ઠરાવેલ છે. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના **પરેશકુમાર જયકરભાઈ બ્રહ્મભટ્ટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૮ જી.એલ.આર. પાના નં. ૫૫૮** ના ચુકાદામાં "Where quantity of liquor exceeds 10 litres, Magistrate has no jurisdiction to release vehicle at interim stage under secs.451 & 457 of Cr.P.C." તેવું જે ઠરાવેલ છે તેને બદલે ગુજરાત રાજયની રાજય સરકારે ઉપરોકત જણાવ્યા મુજબ કાયદાકીય જોગવાઈમાં પ્રોહી. મુદ્દામાલની ૨૦ લિટરની quantity નકકી કરેલ છે તે કાયદાકીય જોગવાઈની હકીકત સાથે ઉપરોકત જણાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને "Where quantity of liquor exceeds 20 litres, Magistrate has no jurisdiction to release vehicle at interim stage under secs.451 & 457 of Cr.P.C." તે મુજબ ધ્યાને લેવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું મારૂ નમ્રપણે માનવું છે.

6. અત્રે એ ઉલ્લેખનીય છે કે, હાલના કામે લીકર(દારૂ)નો જથ્થો ૨૦ લિટર કરતાં વધુ છે. જેથી, નામદાર ગુજરાત હાઈકોર્ટના **પરેશકુમાર જયકરભાઈ બ્રહ્મભટ્ટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૮ જી.એલ.આર. પાના નં. ૫૫૮** ના ચુકાદામાં ઉપરોક્ત જણાવેલ રીતે ગુજરાત રાજયમાં રાજ્ય સરકારે નોટીફીકેશન નં. GG/103/2019/VDR/10/ 2009/2061/E-1 dated 6th November 2019 દ્વારા કાયદાકીય જોગવાઈમાં કરેલ સુધારા સાથે ધ્યાને લેતાં, હાલના કામે જ્યારે લીકર(દારૂ) નો જથ્થો ૨૦ લીટર કરતા વધુ હોઈ, અત્રેની અદાલતને મુદ્દામાલ વાહન બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ અને બી.એન.એસ.એસ.ની કલમ-૫૦૩ (સી.આર.પી.સી.ની કલમ-૪૫૧ અને

સી.આર.પી.સી.ની કલમ-૪૫૭) મુજબ પરત આપવા અંગેની હકુમત રહેતી નથી જેથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-॥ હુ ક મ ॥-**

1. આથી અરજદારની અરજી **"ના-મંજુર"** કરવામાં આવે છે.
2. સંબંધિત કર્મચારીએ જો સદર કામે ચાર્જશીટ થઇ ગયેલ હોય તો ફોજદારી કેસમાં સદર અરજીનું તમામ રેકર્ડ હુકમ સાથે સામેલ રાખવું અને જો ચાર્જશીટ થયેલ ના હોય તો સંબંધિત કર્મચારીએ ચાર્જશીટ થયેથી સદરહું અરજીનું તમામ રેકર્ડ હુકમ સાથે ફોજદારી કેસમાં સામેલ રાખવું.

હુકમ આજરોજ તારીખ-૧૬, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળઃ જેતપુર

તારીખઃ ૧૬.૦૪.૨૦૨૬

..................................

( પ્રણવ દિલીપકુમાર મોદી )

એડી. ચીફ જયુડી. મેજી., જેતપુર.

જજ કોડ જીજે૦૧૨૦૨.

.............................................

A.C.J.M., JETPUR.